





# જય અંબે પરિવાર દ્વારા અંબાજીથી અખંડ દિવ્ય જ્યોતની પધરામણી

શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર, દ્વારા રજત જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણીના પ્રારંભે આજે અંબાજી શક્તિપીઠમાંથી માતાજીની અખંડ દિવ્ય જ્યોતની સેક્ટર-૧૩-બી ના શક્તિચોકમાં પ્રાચીન સંસ્કૃતિની અનુભૂતિ કરાવતી ભવ્ય યજ્ઞશાળામાં પધરામણી કરવામાં આવી હતી. તા. ૧૭ના રોજ અંબાજી નીજ મંદિરમાંથી અખંડ દિવ્ય જ્યોતને માતાજીના રથમાં પધરાવી, પદયાત્રીઓ દ્વારા માત્ર ૪૦ કલાકની સતત પદયાત્રા સંપન્ન કરી, આજરોજ વહેલી શુભપ્રાતે સેક્ટર-૧૨માં ઉમિયા માતાજીના મંદિર ખાતે લાવ્યા. જ્યાંથી પરિવારજનો તથા શહેરના અગ્રણી નગરજનો દ્વારા મા ની દિવ્ય જ્યોતનું ભવ્ય ભાવસરભ સામૈયું કરીને બેન્ડ-બગી સાથે વાજતે-ગાજતે સેક્ટર-૧૩ સ્થિત શક્તિચોક કે જ્યાં સહસ્ત્રચંડી મહાયાગ તથા આનુસંગિક કાર્યક્રમોથી સભર 'રજત જયંતી મહોત્સવ'ની ઉજવણી થનાર છે તેવા પવિત્ર સ્થળે આનંદ ઉત્સાહભેર પધરામણી કરવામાં આવી હતી.

# હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા અને પ્રફુલભાઇ પટેલનો ભવ્ય વિજય

## સાબરકાંઠા બેંકની ચૂંટણીના પરિણામો જાહેર : આજે સાબર ડેરીની ચૂંટણી : અમૂલ ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પટેલનું ભાવિ નક્કી થશે


હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા બેંકની શનિવારે ચૂંટણી યોજાઇ હતી. જેની મતગણતરી આજે હિંમતનગરના સહકાર હોલ ખાતે હાથ ધરાવવામાં આવી હતી. જેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા, પૂર્વ ગૃહ મંત્રી -ફુલભાઇ પટેલ, સંઘના ચેરમેન ખેમાભાઇ પટેલનો ભવ્ય વિજય થયો હતો.

સાબરકાંઠા જિલ્લામાં સહકારી સંસ્થાઓની ચૂંટણીની મોસમ ખીલી છે. શનિવારે જિલ્લાની -તિષ્ઠિત સાબરકાંઠા બેંકની ચૂંટણી યોજાઇ હતી બેંકની ચૂંટણીમાં ૩૭ ઉમેદાવરો વચ્ચે રસાકસી ભર્યો જંગ ખેલાયો હતો. આજે ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે હિંમતનગર સહકાર હોલ ખાતે -ન્ત અધિકારી એમ.કે. વ્યાસ, મામલતદાર પથિક પટેલ, દ્વારા મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા ૧૨૨ મતોની સરસાઇ મેળવી વિજય બન્યા હતા.

જયારે પૂર્વ ગૃહ મંત્રી -ફુલભાઇ પટેલ તેમના હરીફ કનુભાઇ પટેલને હરાવી વિજય મેળ્યો હતો. આ ઉપરાંત ખરીદ વેચાણ સંઘના ચેરમેન ખેમાભાઇ પટેલ તથા ઉમેશકુમાર અમિનનો પણ વિજય થયો હતો. મતગણતરીની કામગીરી -ંત અધિકારી વ્યાસ અને મામલતદાર પથિક પટેલની રાહબરીમાં ના. મામલતદાર દેવેશ પટેલ, ગીરીશભાઇ પરમાર, હિરેન પટેલ, રેવન્યુ તલાટી ડોડીયા સહિત કર્મચારીઓએ સંભાળી હતી.

આજે જિલ્લાની અગ્રેસર સાબર ડેરીની ચૂંટણી યોજાનાર છે જેમાં અમૂલ ફેડરેશનના ચેરમેન જેઠાભાઇ પટેલ, પૂર્વ ગૃહમંત્રી -ફૂલભાઇ પટેલ સાબર ડેરીના પૂર્વ ચેરમેન ખેમાભાઇ પટેલ, ગોવિંદભાઈ પટેલ અને શામળભાઈ પટેલ સહિત સહકારીક્ષેત્રના અગ્રણીઓના ભાવિ મતપેટીમાં પૂરાશે.






(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



## રાજયપાલશ્રી નૂતન વર્ષે શુભેચ્છા આદાન પ્રદાન કરશે

નૂતનવર્ષના મંગળ પ્રારંભે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી ૨૪મી ઓકટોબર ૨૦૧૪નારોજ સવારે ૯-૦૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી રાજભવન, ગાંધીનગર ખાતે પ્રજાજનો સાથે શુભેચ્છાઓનું આદાન પ્રદાન કરશે.

## શબ્દાવલી - ૫૫૩૯



### આડી ચાવી

૧. રીસેશ, ઇન્ટરવલ (૩)
૪. પ્રતિજ્ઞા, નિયમ (૨)
૫. પગથિયાવાળો કૂવો (૨)
૬. એક ઔષધના તકમરીયા જેવા લાલ બીયા (૪)
૭. જકાત, વેરો (૨)
૮. સાધુ, સંન્યાસી (૨)
૧૦. સહેલું, સરળ (૩)
૧૧. પુરૂષ, માદાનું વિરોધી (૨)
૧૨. દરવાજે ઉભો રહેનાર રક્ષક (૪)
૧૪. રીપેરીંગ કામ કરવું તે (૪)
૧૬. વેદ કે શાસ્ત્ર (૬)
૧૮. દૃષ્ટિ (૩)
૧૯. વજન, બોજો (૨)

### ઊભી ચાવી

૧. વિવાદ કરાવે તેવું (૫)
૨. વિભીષણનો મોટો ભાઇ, લંકેશ (૩)
૩. ગરારા જેવો એક પોશાક (૨)
૪. હેતુ, ઉદ્દેશ (૪)
૬. મૃત્યુ, મરણ (૪)
૯. બાણ, શર (૨)
૧૦. આવવું અને જવું તે (૫)
૧૩. કૃમિ, કરમિયા (૩)
૧૪. એક હિંસક જળચર (૩)
૧૫. ચક્કર, અંધારા આવવા તે (૩)
૧૬. ભ્રમર, ભમરો (૨)
૧૭. પોતાનું (૨)

### શબ્દાવલી ૫૫૩૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) તલસાટ (૪) છાછર (૬) ધસમસતુ (૮) કડક (૧૧) ટકા (૧૩) અસુર (૧૪) રસકાબોળ (૧૭) વિરાટ (૧૮) રમકડા (૨૦) સરસ (૨૧) મરૂભૂમિ

**ઊભી ચાવી :-** (૧) તરકટ (૨) સાધક (૩) ટસ (૪) છાસ (૫) છતુ (૭) મઠ (૯) ડકાર (૧૦) પરમીટ (૧૨) શંકા (૧૩) અળવિતરૂ (૧૫) સરકસ (૧૬) તરસ (૧૯) મર

## નેક ટીમ નવેમ્બરમાં ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લેશે

અમદાવાદ, તા.૨૦

આખરે મોડે મોડે જાગેલ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બે વર્ષ બાદ નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (નેક)ના સર્ટિફીકેટ માટે અરજી કરવામાં આવી છે. જે અંતર્ગત નેકની ટીમ આગામી નવેમ્બર મહિનામાં ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લેશે. જેને ધ્યાનમાં રાખી ગુજરાત યુનિવર્સિટી સાથે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ્નર તરફથી મળતી ગ્રાન્ટ નિવર્ધન મેળવવા માટે યુનિવર્સિટી પાસે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલનું સર્ટીફીકેટ સમાયંતરે રિન્યુ કરાવવાનું હોય છે. જે અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ નેક સર્ટીફીકેટ મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. જેથી ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવેલ નેકની ટીમે યુનિવર્સિટીને બી-પ્લાસ-પ્લાસ ગ્રેડ આપ્યો હતો.

જો કે આ સર્ટીફીકેટની સમયમર્યાદા પૂર્ણ થયે બે વર્ષ જેટલો સમય પૂર્ણ થઈ ચુક્યો છે. દરમિયાન આંતરિક વખવાદો અને રાજકારણમાં ફસાયેલ ગુજરાત યુનિવર્સિટીએ નેકના રિ-કંટ્રક્શન માટે અરજી શુદ્ધા કરી નહતી. જેના કારણે ગુજરાત યુનિવર્સિટીને યુજીસીની ગ્રાન્ટ મેળવવા તકલીફનો સામનો કરવો પડી રહ્યો હતો ત્યારે હવે મોડે મોડે જાગેલી ગુજરાત યુનિવર્સિટી દ્વારા નેક સર્ટીફીકેટ રિન્યુ કરાવવા માટે અરજી કરવામાં આવી છે. આ અરજીના આધારે નેકની ટીમ નવેમ્બર મહીનામાં ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લેવાની છે. આ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

## જામનગરમાં પાસિંગ આઉટ પરેડનું નાયર દ્વારા નિરીક્ષણ

૨૦ઓક્ટોબર, ૧૪ના દિવસે એક આકર્ષક પાસિંગ આઉટ પરેડ દરમ્યાન ભારતીય નૌસેનાની મુખ્ય તાલીમ સંસ્થા, ભારતીય નૌસેના પોતે વાલસુરામાં ઓ-૧૬૧ બેચના ૮૭ ઈલેક્ટ્રીક શાખાના અધિકારીઓએ ૯૪ સપ્તાહ સુધી ચાલેલી પોતાની વ્યવસાયિક તાલીમ પછી પોતાનો અભ્યાસક્રમ પુરો કર્યોહતો. બેચમાં ૭૨ ભારતીય નૌસેના, ૧૦તટરક્ષક અને૦૫ વિદેશી તાલીમાર્થી અધિકારીઓનો સમાવેશ થાય છે.

વાઈસ એડમિરલ કે.આર. નાયર, એવીએસએમ, વીએસએમ, સામગ્રી પ્રમુખે આ પરેડનું નિરીક્ષણ કર્યું, પાસિંગ આઉટ અભ્યાસક્રમમાં પાસ થયેલા અધિકારીઓના માતા-પિતાની સાથે-સાથે ભારતીય નૌસેના પોત વાલસુરામાં નિવાસ કરી રહેલા નૌસેના પરિવારનો સમાવેશ થાય છે. એડમિરલે પોતાના સંબોધનમાં તાલીમાર્થીઓને પોતાની અંદર રાષ્ટ્રીયતાની ભાવનાનો વિકાસ કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે એવી આશા રાખી કે આ બધા નૌજવાન દરિયામાં પોતાની નિયુક્તિના સમયે કર્તવ્યના રસ્તા પર આવેલા બધા પડકારોનો સામનો કરશે. પ્રતિષ્ઠિત સર્વશ્રેષ્ઠ ઓળરાઉન્ડર ટ્રોફી લેફ્ટિનેંટ પ્રણવ આનંદને આપવામાં આવી જ્યારે લેફ્ટિનેંટ ઉપેંદર સિંહને યોગ્યતા-ક્રમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. બધા અધિકારી પોતાની પહેલી નિયુક્તિ વખતે દેશભરમાં તૈનાત અગ્ર પંક્તિના જહાજો પર નિયુક્ત થશે.

## હોન્ડા ગુજરાતમાં લાવ્યો છે 'દુનિયાનો સૌથી મોટો ઓન્લી સ્કૂટર પ્લાન્ટ'

હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રા. લિમિટેડ. (એચએમએસઆઇ), ભારતીય ટૂ વ્હીલર ઉદ્યોગમાં માત્ર હોન્ડા; આજે સમારંભ અને ભારતમાં તેના સીમાચિહ્ન ચોથા પ્લાન્ટનું ભૂમિપૂજન વિઠલાપુરમાં (માંડલ તાલુકાના, અમદાવાદ જિલ્લો, ગુજરાત) કરવામાં આવ્યું.

વિઠલાપુરમાં હોન્ડાના ચોથા ટૂ વ્હીલર પ્લાન્ટનો ૨૫૦ એકરમાં ફેલાયેલો છે. અમદાવાદ શહેરથી આશરે ૮૦ કિ.મી. છે. ૨૦૧૫ના અંત સુધીમાં કાર્યરત થઈ જશે અને પછી તે વિશ્વનો સૌથી મોટો માત્ર સ્કૂટર ઉત્પાદન સુવિધા ધરાવતો પ્લાન્ટ બનશે. ૧.૨ મિલિયન એકમો વાર્ષિક ઉત્પાન ક્ષમતા હશે.

હોન્ડા પ્લાન્ટની ભૂમિપૂજન વિધિ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને નાણામંત્રી સૌરભભાઈ પટેલ દ્વારા કરવામાં આવી. હોન્ડા મોટર કંપની લિમિટેડના. અન્ય વરિષ્ઠ મહાનુભાવો, પ્રમુખ અને સીઈઓ, હોન્ડા મોટર ઈન્ડિયા પ્રા. હોન્ડાના મુખ્ય અધિકારીઓ શ્રી નોરીઅકી અબે (ચીફ ઓપરેટિંગ ઓફિસર, હોન્ડા મોટર કંપની લિમિટેડ-એશિયા અને ઓશાનિયા પ્રદેશ), શ્રી યોશીયુકી માત્સુમોટો (મેનેજિંગ અધિકારી હોન્ડા મોટર કંપની લિમિટેડ), શ્રી કિતા મુરામાત્સુ (પ્રમુખ અને સીઈઓ-હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ), શ્રી હરભજન સિંહ (વાઈસ પ્રેસિડેન્ટ, જનરલ અને કોર્પોરેટ અફેર્સ, એચએમએસઆઇ( શ્રી યાદવિંદર એસ ગુલેરિયા (વાઈસ પ્રેસિડન્ટ - સેલ્સ એન્ડ માર્કેટિંગ એચએમએસઆઇ ને) શ્રી યાદવિંદર એસ ગુલેરિયા (વાઈસ પ્રેસિડન્ટ- સેલ્સ એન્ડ માર્કેટિંગ, એચએમએસઆઇ)અને સ્થાનિક રહેવાસીઓનો સમાવેશ થાય છે.

## દિવાળીની શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન કોલેજ દ્વારા ગાંધીનગર જિલ્લાના નાગરિકોને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. કોલેજે દિવાળીના પર્વો સારી રીતે પસાર થાય તેમજ દરેક નાગરિકોને ફટાકડાથી સાવચેત રહેવા પણ જણાવ્યું છે.

## સંસ્કાર ગૃપ મુખ્યમંત્રી અને રાજ્યપાલની મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૨૦

સંસ્કાર ગૃપ નવા વર્ષે મુખ્યમંત્રી અને રાજયપાલની શુભેચ્છા મુલાકાત લેશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થાના બાળકોને તા. ૨૪મી ને નવા વર્ષની શુભ પ્રભાતે સવારે ૬.૪૫ કલાકે મુખ્યમંત્રી અને રાજયપાલની મુલાકાત કરશે. જેમાં બાળકો દ્વારા તૈયાર કરેલ ચાર્ટ પેપર, ગ્રીટીંગ્સ મહાનુભાવોને અર્પણ કરશે. આ કાર્યક્રમમાં ગૃપના સર્વે સભ્યોએ સેકટર-૭ બગીચા ખાતે ઉપસ્થિત રહેવું.

## રાજધાની બંગ્લોઝમાં શ્રીમદ્ ભાગવત્ જ્ઞાનયજ્ઞ સપ્તાહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં રાધેક્રિશ્ન ગૌશાળા-પાલડી કાંકજના લાભાર્થે શ્રીમદ્ ભાગવત્ કથા યોજવામાં આવશે. નારણભાઈ બારોટના મુખ્ય યજમાન પદે પૌષલભાઈ શાસ્ત્રી વિરોચન નગરવાળાની વ્યાસપીઠે સંગીતમય શૈલીમાં તા. ૨૫, ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન દરરોજ બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન રાજધાની બંગ્લોઝ, વિભાગ-૩ ના કોમન પ્લોટમાં યોજવામાં આવશે.

ભાગવત કથાની શોભાયાત્રા તા. ૨૫ મીના રોજ નારણભાઈ બારોટના ઘરેથી બપોરે ૧.૦૦ વાગે નીકળશે. કથામાં વામન જન્મ, નૃસિંહ જન્મ, રામજન્મ, કૃષ્ણ જન્મ, ગોવર્ધનપૂજા, રુકમણીવિવાહ અને કૃષ્ણ ચરિત્ર સહિતના પ્રસંગો યોજવામાં આવશે.

## મુખ્યમંત્રીની ભીલાડ આર.ટી.ઓ. ચેક પોસ્ટની ઓચિંતી મુલાકાત

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત-મહારાષ્ટ્રની સરહદે વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ભિલાડની આર.ટી.ઓ. ચેકપોસ્ટની આજે ઓચિંતી મુલાકાત લીધી હતી.

શ્રીમતી આનંદીબહેન કોઈ પણ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ સિવાય અચાનક જ સોમવારે સવારે ભિલાડ આર.ટી.ઓ. ચેકપોસ્ટ જઈ પહોંચ્યા હતા અને ચેકપોસ્ટમાં સફાઈ-સ્વચ્છતા, સી.સી. ટીવી કેમેરા સર્વેલન્સ, વાહન યાતાયાન લેન નિયંત્રણ વગેરે કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ તમામ વિષયો અંગે કામગીરી સમીક્ષા હાથ ધરી હતી અને ચેકપોસ્ટના અધિકારીઓને વધુ સજ્જતા માટેની સૂચનાઓ આપી હતી.

## નગરપાલિકાઓના ૨૮ જેટલા ચીફ ઓફીસરોની બદલી

ગાંધીનગર, તા.૨૦

રાજયની નગરપાલિકાઓમાં ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવતા ૨૮ જેટલા અધિકારીઓની બદલીના હુકમો જારી કરવાં આવ્યા છે.

| ચીફ ઓફીસરનું નામ | નગરપાલિકામાં હાલની જગ્યા | નગરપાલિકા બદલીની જગ્યા |
|---|---|---|
| રાહુલદેવ વી. ઢોડીયા | રાજપીપળા | કનકપુર કનરમડ |
| મુકેશ એચ. પટેલ | બારેજા | ખંભાળીયા |
| જે.બી. સોની | ખંભાળીયા | સુત્રાપાડા |
| સંદીપ ડી. પટેલ | ઓડ | ઉમરેઠ |
| સંજય એસ. પટેલ | બાયડ | માંડવી જિ. કચ્છ |
| જીતેન્દ્ર જી. ડાભી | બોરસદ | ખંભાત |
| સુશ્રી કૈલાશબેન કે. પટેલ | મહુધા | ડભોઈ |
| ફિરોજ એસ. રાઠોડ | સોનગઢ | માંડવી જિ. સુરત |
| જે.એન. ક્ષોત્રીય | કાલાવડ | સાવરકુંડલા |
| બી.એમ. રાવળ | સાવરકુંડલા | માંગરોળ |
| દર્શન કે. ચાવડા | માંગરોળ | વિરમગામ |
| અશોક એચ. પટેલ | વિરમગામ | અંકલેશ્વર |
| ગીરીશ આર. સરૈયા | મોરબી | વઢવાણ |
| સી.બી. રબારી | વઢવાણ | ઊંઝા |
| સુશ્રી કોષા યુ. આહલુવાલીયા | જામરાવલ | વાંકાનેર |
| સુશ્રી ભાવના સી. ગોસ્વામી | વાંકાનેર | જસદણ |
| ડી.જે. ભટ્ટ | જસદણ | દ્વારકા |
| પી.આર. અમીન | દ્વારકા | મહુવા |
| પ્રવણ સી. પારેખ | ઈડર | હિંમતનગર |
| ડી.એસ. પટણી | તલાલા | ઈડર |
| વિષ્ણુ જે. પ્રજાપતિ | કણજરી | હળવદ |
| દર્પણ ડી. ઓઝા | ધરમપુર | બીલીમોરા |
| જગદીશ ટી. પટેલ | હારીજ | ભૂજ |
| સુરેશ સી. મોદી | ચાણસ્મા | વડનગર |
| રમેશ પી. જોષી | મહેસાણા | કડી |
| એચ.પી. વાલેરા | દહેગામ | ખેડા |
| સુશ્રી હિરલ એચ. ઠાકર | સોજીત્રા | દહેગામ |
| કેહરસિંહ ટી. ઠાકુર | બોરીયાવી | કણજરી |

## આગામી ૨૪મીએ ભારતના રાષ્ટ્રધ્વજ સાથે સંયુક્ત રાષ્ટ્રસંઘનો ધ્વજ ફરકાવવો

ગાંધીનગર, તા. ૨૦

૨૪ ઓક્ટોબર સંયુક્ત રાષ્ટ્રસંઘ દિન તરીકે ઉજવાય છે. ગુજરાત સરકારે પણ ૨૪ ઓક્ટોબર-૨૦૧૪, શુક્રવારના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘનો ધ્વજ ફરકાવીને સંયુક્ત રાષ્ટ્રસંઘ દિનની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે.

જે કચેરીઓ પાસે સંયુક્ત રાષ્ટ્રસંઘનો ધ્વજ હોય તે કચેરીઓએ (રાજભવન, ગુજરાત વિધાનસભા અને હાઈકોર્ટ સિવાય) આ દિવસે ભારતના રાષ્ટ્રધ્વજની સાથે રાષ્ટ્રસંઘનો ધ્વજ, ધ્વજ સંહિતામાં આપેલી સુચનાઓ અનુસાર, કચેરીના મકાન ઉપર ફરકાવવો એમ સામાન્ય વહીવટી વિભાગની યાદીમાં જણાવાયું છે.

## કર્મચારીઓને દિવાળી ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવાળી અને નવા વર્ષની ભેટ સ્વરૂપે ૩૭ થી ૫૮ ટકા જેટલો પગાર વધારો આપ્યો છે. ૧લી ઓક્ટોબરથી અમલી બને તે રીતે વર્ગ-૪ અને વર્ગ-૩ ના કર્મચારીઓને આ જાહેરાતનો લાભ મળશે. જો કે નિયમિત કર્મચારીઓની કેટલીક માંગણીઓ અંગે કોઈ નિર્ણય ન લેવાતા કેટલાકે કર્મચારીઓમાં નારાજગી પર્વતી રહી છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્ય સરકારની સેવાઓમાં વર્ગ-૩-૪ માં ફરજ બજાવતા કર્મયોગીઓને હાલની યોજનાના પ્રથમ પાંચ વર્ષ દરમિયાન અપાતા વેતનમાનમાં માસિક રૂ. ૨૬૦૦ થી ૩૭૦૦ સુધીનો માતબર વધારો જાહેર કર્યો છે.

રાજ્ય સરકારના આ નિર્ણયની વિગતો આપતાં પ્રવકતામંત્રીઓ આરોગ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, મહત્તમ યુવાધનને રાજ્ય સેવાઓમાં રોજગાર અવસર આપવા હેતુસર શરૂ કરાયેલ યોજના અનુસાર સરકારના વિભાગોમાં ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત આવનારા સમયમાં વિવિધ વિભાગોમાં જે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે તેમાં અંદાજે ૨.૫૦ લાખ યુવાનોને રાજ્ય સરકારની નોકરીની તક પ્રાપ્ત થવાની છે. મુખ્યમંત્રીશ્રીના આ કર્મયોગી હિતલક્ષી અભિગમથી એક લાખથી વધુ કર્મયોગીઓને વાર્ષિક રૂ. ૩૮૦ કરોડનો લાભ મળશે તેમ પણ પ્રવક્તા મંત્રીશ્રીઓએ ઉમેર્યુ છે.

## સભ્યો બાખડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યકરોમાં પણ ઉત્તેજનાઓ છવાઈ જવા પામી હતી અને એકાદ તબક્કે કાર્યકરો વચ્ચે પણ ભારે હો-હા સાથે ઉગ્ર બોલાચાલી થઈ જવા પામી હતી. કોંગ્રેસ પક્ષે ભાજપ શહેરમાં ચાલતા સ્થિર વહીવટને ડહોળવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. ભાજપ દ્વારા સત્તા પલ્ટા માટે જે રાજકીય દાવપેચ ખેલવામાં આવી રહ્યા છે તેનાથી પ્રજાને હવે ભાજપની સત્તા લાલસા અંગેની સાચી સમજ પડી ગઈ હોવાનું કોંગીના નેતાઓએ જણાવ્યુ છે.

દરમિયાન દહેગામ નગરપાલિકામાં આજે થયેલ રાજકીય અથડામણને લઈ બે જેટલી પોલીસ ફરિયાદો પણ ભાજપ તરફથી દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર મહાનગરપાલિકા બાદ ગાંધીનગર જિલ્લા પંચાયત કબ્જે કરનાર ભાજપને દહેગામમાં કોંગ્રેસ હંફાવી રહેલ છે. ભાજપ પાસે ૧૬ સભ્યો આજની બેઠકમાં હતા જો કે અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવા માટે જરુરી સંખ્યાબંળ ન હોવાથી ભાજપને તેનો જ રાજકીય દાવ ભારે પડી રહ્યાની ચર્ચા રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.